Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-20 ■ તા. 01-6-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે પૂર્વોત્તરમાં તબાહી, ૨૦ લોકોના મોત, અનેક ઘર-હોટલો ધરાશાયી

દેશમાં હાલ વહેલા આવેલું ચોમાસું પૂર્વોત્તરમાં તબાહી મચાવી રહ્યું છે. ગત દિવસોમાં પૂર્વોત્તરના મણિપુર, મિઝોરમ, આસામ, અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ અને ત્રિપુરામાં સતત ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂરમાં ૨૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે ૧૨ હજારથી વધુ પરિવાર અસરગ્રસ્ત થયા છે. આ રાજયોમાં અનેક ઘર પડવાથી મોટી સંખ્યામાં લોકો બેઘર થઈ ગયા છે. નદીઓમાં પૂર આવ્યા છે. ત્યારે હવામાન વિભાગે તમામ રાજ્યો માટે એલર્ટ જાહેર કર્યું છે.નેપાળમાં ભારે વરસાદના કારણે બિહારના કિશનગંજ જિલ્લાની નદીઓ બેકાંઠે વહી રહી છે. કનકઈ, બૂઢી કનકઈ અને મેચી નદીનું જળસ્તર વધ્યું છે. નદીના કિનારાના વિસ્તારોમાં પાણી ઘુસી ગયા છે. જેના કારણે મક્કા અને શાકભાજીનો પાક બરબાદ થઈ ગયો છે.

દક્ષિણ મિઝોરમના લોન્ગતલાઈ શહેરમાં ભારે વરસાદને લઈને ભૂસ્ખલન થવાથી પાંચ ઘર અને એક હોટલ ધરાશાયી થઈ ગઈ. જેમાં અનેક લોકો ફસાયા. જોકે ત્રીજા ભારતીય રિઝર્વ બટાલિયનના કર્મીઓ દ્વારા બચાવ અભિયાન હાથ ધરાયું છે. મિઝોરમમાં અનેક ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૫ લોકોના મોત થયા છે. મિઝોરમમાં છેલ્લા ૩ દિવસથી અવિરત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે રાજયના વિવિધ ભાગોમાં ભૂસ્ખલન થયું છે.ભારે વરસાદ અને ભૂસ્ખલનથી આસામમાં કામરૂપ મેટ્રો જિલ્લામાં પાંચ લોકોના મોત થયા. જ્યારે પાંચ જિલ્લામાં ૧૨,૦૦૦થી વધુ લોકો પૂરના કારણે અસરગ્રસ્ત થયા. ગુવાહાટી અને સિલચરમાં પૂરથી ૧૦ હજારથી વધુ લોકો અસરગ્રસ્ત થયા. જ્યારે, લખીમપુરમાં પાણીના કારણે રિંગ ડેમ તૂટ્યો.

અરૂણાચલ પ્રદેશમાં પણ વરસાદ અને ભૂસ્ખલને તબાહી મચાવી છે. અહીં ભૂસ્ખલનમાં નવ લોકોના મોત થયા. જેમાં પૂર્વ કામેંગ જિલ્લામાં બાના-સેપ્પા ખંડ પર ભૂસ્ખલનના કારણે સાત લોકોના મોત થયા. જ્યારે લોઅર સુબનસિરી જિલ્લામાં બૂશ્કલન બાદ બે શ્રમિકોના મોત થા અને બે અન્યને બચાવી લેવાયા. આ સિવાય ત્રિપુરામાં પણ ભારે વરસાદના કારણે એક યુવકનું ડૂબી જવાથી મોત થયું.મણિપુરમાં વરસાદને લઈને નદીઓનું જળસ્તર વધી ગયું છે. નમ્બુલ, ઇરિલ અને નમ્બોલ નદીનું જળસ્તર પણ ચેતવણી સ્તર સુધી પહોંચી ગયું છે. ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ઇમ્ફાલ નદી બેકાંઠે હોવાના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે.

કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદે કહ્યું- કલમ ૩૭૦ એક સમસ્યા હતીઃદૂર થયા પછી સમૃદ્ધિ આવી

કોંગ્રેસનેતા અને ભૂતપૂર્વ વિદેશમંત્રી સલમાન ખુર્શીદે ઇન્ડોનેશિયાની રાજધાની જાકાર્તામાં જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કરવાના નિર્ણયની પ્રશંસા કરી. ગુરુવારે તેમણે કહ્યું હતું, 'કાશ્મીરમાં કલમ ૩૭૦ એક મોટી સમસ્યા હતી. એનાથી એવી છાપ ઊભી થઈ કે કાશ્મીર દેશના બાકીના ભાગથી અલગ છે. આ સરકારની વિચારસરણીમાં પણ પ્રતિબિંબિત થયું.'તેમણે કહ્યું, '૨૦૧૯માં કલમ ૩૭૦ દૂર થયા પછી આ છાપ સમાપ્ત થઈ ગઈ. આ પછી ચૂંટણીઓ થઈ અને ૬૫% લોકોએ મતદાન કર્યું. હવે કાશ્મીરમાં ચૂંટાયેલી સરકાર છે. એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે કેટલાક લોકો કાશ્મીરમાં કલમ ૩૭૦ ફરીથી સ્થાપિત કરવા માગે છે. તેઓ કાશ્મીરમાં સમૃદ્ધિ જોવા માગતા નથી.

બીજી તરફ, કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે 'ઓપરેશન સિંદૂર' પર કોલંબિયા સરકારના પ્રતિભાવની ટીકા કરી. થરૂરે કોલંબિયાના બોગોટામાં કહ્યું, 'ભારત સાથે સહાનુભૂતિ રાખવાને બદલે કોલંબિયા સરકારે ઓપરેશન સિંદૂરને કારણે પાકિસ્તાનમાં થયેલા જાનમાલના નુકસાન પર દુઃખ વ્યક્ત કર્યું. ભારત આનાથી નિરાશ છે.'કોંગ્રેસના સાંસદે કહ્યું, 'ભારતે સ્વબચાવમાં હુમલો કર્યો. હુમલો કરનારા અને બચાવ કરનારા વચ્ચે ફરક છે. જેમ કોલંબિયાએ ઘણા આતંકવાદી હુમલાઓનો સામનો કર્યો છે, એવી જ રીતે ભારતમાં આપણે પણ લગભગ ચાર દાયકાથી હુમલાઓનો સામનો કરી રહ્યા છીએ.'શશિ થરૂર અને સલમાન ખુર્શીદ ભારતીય પ્રતિનિધિમંડળનો ભાગ છે, જે ઓપરેશન સિંદૂર પર વિશ્વને માહિતી આપવા ગયા હતા.

SC : સંબંધ તૂટ્યા પછી રેપ કેસ ગલતઃઆનાથી આરોપીની છબી ખરાબ થાય છે, ન્યાય વ્યવસ્થા પર પણ બોજ પડે છે

ગુરુવારે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો બે સહમતિથી બનેલા પુખ્ત વયના લોકો વચ્ચેનો સંબંધ પાછળથી તૂટી જાય છે અથવા તેમની વચ્ચે અંતર આવે છે, તો તેને લગ્નનું ખોટું વચન આપીને બળાત્કારનો કેસ બનાવી શકાય નહીં.આ ટિપ્પણી જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે કરી હતી. બેન્ચે કહ્યું કે આવા કેસો ન્યાય વ્યવસ્થા પર બિનજરૂરી બોજ તો નાખે છે જ, પરંતુ આરોપી વ્યક્તિની સામાજિક છબીને પણ ગંભીર નુકસાન પહોંચાડે છે.સુપ્રીમ કોર્ટે પુનરોચ્ચાર કર્યો કે લગ્નના વચનનો ભંગ કરવો એ ખોટા વચન તરીકે ગણી શકાય નહી, સિવાય કે સંબંધની શરૂઆતથી જ આરોપી તરફથી છેતરપિંડીનો ઇરાદો હોય. બેન્ચે કહ્યું કે લગ્નના વચન તોડવાને ખોટો વચન કહીને કલમ ૩૭૬ હેઠળ બળાત્કારનો કેસ દાખલ કરવો ખોટું છે. આ વલણ અંગે અગાઉ પણ ચિંતા વ્યક્ત

કરવામાં આવી છે.આ નિર્ણય સાથે, સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના અમોલ ભગવાન નેહુલ સામેના બળાત્કારના કેસને રદ કર્યો. આરોપી નેહુલે સુપ્રીમ કોર્ટમાં બોમ્બે હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો, જેમાં તેની સામે નોંધાયેલી ફોજદારી કાર્યવાહી રદ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશને રદ કર્યો અને ફોજદારી કાર્યવાહીનો અંત લાવ્યો.કોર્ટે લિવ-ઇન પછી બળાત્કારના આરોપને પણ ખોટો જાહેર કર્યો હતો આ પહેલા સુપ્રીમ કોર્ટે માર્ચમાં એક કેસમાં કહ્યું હતું કે ૧૬ વર્ષ સુધી લિવ-ઇન રિલેશનશિપમાં રહ્યા પછી કોઈ પણ મહિલા પુરુષ પર બળાત્કારનો આરોપ લગાવી શકતી નથી. ફક્ત લગ્નનું વચન તોડવાથી બળાત્કારનો કેસ બનતો નથી, સિવાય કે એ સાબિત થાય કે શરૂઆતથી જ લગ્ન કરવાનો કોઈ ઈરાદો નહોતો.૨૦૨૨માં મહિલાએ તેના ભૂતપૂર્વ લિવ-ઇન પાર્ટનર સામે બળાત્કારનો કેસ દાખલ કર્યો હતો. તેણીનો આરોપ હતો કે ૨૦૦૬માં તેના જીવનસાથીએ બળજબરીથી તેના ઘરમાં ઘૂસીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. બાદમાં, તેણે લગ્નના બહાને ૧૬ વર્ષ સુધી તેનું શોષણ કર્યું. પછી તેણે બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યા.કોર્ટે કહ્યું- એક શિક્ષિત મહિલા આટલા વર્ષો સુધી છેતરાયેલી કેવી રીતે રહી શકે? ચુકાદો આપતી વખતે, ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે જો કોઈ મહિલા આટલા લાંબા સમય સુધી સંબંધમાં રહે છે, તો તેને છેતરપિંડી કે બળજબરી કહી શકાય નહી. આ બળાત્કારનો નહીં પણ લિવ-ઇન રિલેશનશિપ ખરાબ થવાનો કિસ્સો છે.કોર્ટે પ્રશ્ન ઉઠાવ્યો કે એક શિક્ષિત અને આત્મનિર્ભર મહિલા આટલા વર્ષોસુધી કોઈના છેતરપિંડીમાં કેવી રીતે રહી શકે? એ કેવી રીતે શક્ય છે

પહલગામ હુમલાના છ આતંકી ભાજપમાં જોડાઈ શકે છે, એટલે જ તો હાલ પકડાતા નથીઃ સંજય રાઉત

પહલગામ આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદીઓ મુદ્દે શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે મોટો દાવો કરતાં ખળભળાટ મચ્યો છે. તેમણે કહ્યું કે, એક દિવસ આ છ આતંકવાદી ભાજપમાં જોડાઈ શકે છે, તેથી તેઓ પકડમાં આવી રહ્યા નથી. ૨૨ એપ્રિલના રોજ પહલગામ આતંકવાદી હુમલામાં ૨૬ પર્યટકોના મોત થયા હતાં. ઘટનાને ૩૮ દિવસ થયા હોવા છતાં આ હુમલામાં સામેલ છ આતંકવાદી પકડાયા નથીશિવસેના સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે, પહલગામ હુમલાના છ આતંકવાદીઓની ધરપકડ એટલા માટે થઈ રહી નથી, કારણકે, તેઓ એક દિવસ ભાજપ કાર્યાલયની એક પ્રેસ નોટમાં મળી શકે છે. જેમાં જાહેરાત કરવામાં આવશે કે, આ છ લોકો ભાજપમાં સામેલ થયા છે. ઉલ્લેખનીય છે કે, પહલગામ આતંકવાદી હુમલાની જવાબદારી પાકિસ્તાનમાં સ્થિત આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાના આતંકી જૂથ ટીઆરએફએ લીધી હતી. તેમણે પર્યટકોને ધર્મ પૂછી ગોળીથી વીંધી નાખ્યા હતાં. ભારતે આ હુમલાનો બદલો ઓપરેશન સિંદૂરથી લીધો હતો. ભારતીય સેનાએ પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં પર સાત મેના રોજ એર સ્ટ્રાઈક કરી ૧૦૦થી વધુ આતંકવાદીઓનો ખાતમો બોલાવ્યો હતો.

ગુજરાતમાં સ્કૂલ પ્રવાસ માટે નવા નિયમઃ ૨ પોલીસકર્મી સાથે રાખવા પડશે

વડોદરામાં શાળા તરફથી પ્રવાસ લઈ ગયેલાં અનેક બાળકો હરણી બોટકાંડમાં મોતને ભેટ્યાં હતાં. ત્યાબાદ ગુજરાત સરકારે તમામ સ્કૂલો માટે પ્રવાસની નવી ગાઇડ લાઇન જાહેર કરી હતી. ત્યારે હવે રાજ્ય સરકારે સ્કૂલ પ્રવાસને લઇને મોટો નિર્ણય કર્યો છે. હવેથી સ્કૂલ પ્રવાસ દરમિયાન યુનિફોર્મમાં સજ્જ બે પોલીસ કર્મી સાથે રાખવા પડશે. એટલું જ નહીં, પ્રવાસમાં વિદ્યાર્થિનીઓ હશે, તો મહિલા પોલીસકર્મી સાથે રહેશે. આ

ઉપરાંત સ્કૂલ મેનેજમેન્ટે પ્રવાસ અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનને પણ જાણ કરવી પડશે. વડાપ્રધાન મોદીએ DGP-IGP કોન્ફરન્સમાં કરેલા સૂચન પર અમલીકરણ કરાશે.

હવે નાનકડા પાડોશી દેશમાં જોવા મળશે ડાયનોસોર, અહીં આકાર લેશે એશિયાનો પહેલો જુરાસિક પાર્ક

'જુરાસિક પાર્ક' એક એવી ફિલ્મ હતી જે અબાલ-વૃદ્ધ સૌ કોઈને પસંદ આવી હતી. મૂળ ફિલ્મ પછી એની અનેક સિક્વલ આવી ગઈ. પ્રત્યેક ફિલ્મમાં માનવ વિરુદ્ધ ડાયનોસોરનો જંગ દેખાડાયો છે. સાડા છ કરોડ વર્ષ અગાઉ નામશેષ થઈ ગયેલા ડાયનોસોરને પુનઃજીવિત કરી શકાય કે કેમ, કરવા જોઈએ કે નહીં, એ બાબત પણ અવારનવાર ચર્ચાતી રહે છે. સાચુકલા ડાયનોસોર તો જીવતાં થાય કે નહીં, પણ લોકોના મનોરંજન માટે નકલી ડાયનોસોરના થીમ પાર્ક જરૂર બન્યા છે અને એવો એક જુરાસિક પાર્ક તાજેતરમાં સિંગાપોરમાં શરૂ થયો છે. ૨૯ મે,

૨૦૨૫ ના રોજ સિંગાપોરમાં એશિયાનો પહેલો જુરાસિક પાર્ક શરૂ થયો છે. 'જુરાસિક વર્લ્ડઃ ધ એક્સપિરિયન્સ' નામનું આ અદભુત આકર્ષણ 'ગાર્ડન્સ બાય ધ બે' ખાતે આવેલા ક્લાઉડ ફોરેસ્ટમાં બનાવાયું છે. લોકો આ પાર્કની મુલાકાત લેવા માટે પડાપડી કરી રહ્યા છે.

થીમ પાર્કનું મુખ્ય આકર્ષણ જીવંત લાગે એવા ડાયનોસોર છે. પાર્કમાં ૧૦ અલગ-અલગ ઝોન બનાવાયા છે, જે જુદાજુદા પ્રકારના અનુભવો પ્રદાન કરે છે. અહીં પહાડો, ધોધ, જંગલ બનાવીને કુદરતી લાગે એવા દૃશ્યો ઊભાં કરવામાં આવ્યા છે. લાંબી ગરદન ધરાવતા શાકાહારી ડાયનોસોરથી લઈને ખૂંખાર ટી-રેક્સ, ભયાનક વેલોસિરાપ્ટર અને ઉડતા પેટેરાનોડોન જેવા વિવિધ પ્રજાતિના ડાયનોસોર અહીં જોવા મળે છે. તમામ ડાયનોસોર એકદમ સાચુકલા લાગે એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

તંત્રી લેખ....

ગુજરાતના નાવીન્યપૂર્ણ વ્યાવસાયિક અભિગમ અને ઈનોવેશનમાં ઈ-કોમર્સની ભૂમિકા મહત્ત્વની

રાષ્ટ્રીય અને સ્થાનિક બંને સ્તરે આર્થિક હરણફાળ ભરવામાં ઈ-કોમર્સે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેના દ્વારા પ્રદાન કરવામાં આવતાં વિશાળ ફલક અને ગતિને કારણે ગ્રાહકોને ઓનલાઈન રિટેલ પ્લેટફોર્મની સુવિધા અને સલામતીનો ઘણો ફાયદો થયો છે. વેપારીઓ, સપ્લાયર્સ અને વિક્રેતાઓએ પણ એનો નોંધપાત્ર લાભ મેળવ્યો છે, કારણ કે ઈ-કોમર્સે નવા બજારો સુધી પહોંચવા માટે વિશાળ તકો પૂરી પાડી છે.શહેરોમાં ઈ-કોમર્સે રિટેલ, લોજિસ્ટિક્સ, આઈટી, માર્કેટિંગ અને ગ્રાહક સેવા જેવા ક્ષેત્રોમાં રોજગાર વૃદ્ધિને સફળતાપૂર્વક અને સ્પષ્ટપણે આગળ ધપાવી છે. જેને પરિણામે 'ફ્લિપકાર્ટ મિનિટ્સ' જેવા 'ક્વિક કોમર્સ પ્લેટફોર્મ' ભારતમાં ઝડપથી વિકસી રહ્યા છે, ગ્રાહકો માટે સુવિધા વધારી રહ્યા છે, તથા નવી અને વૈવિધ્યસભર રોજગારીની તકો ઊભી કરીને નાના વ્યવસાયોને સશક્ત બનાવીને સ્થાનિક અર્થતંત્રના વિસ્તરણમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે.

ગ્રામીણ ભારતમાં ઈ-કોમર્સની ઊંડી અસર પડી છે. તેણે ડિલિવરી એજન્ટો અને વેરહાઉસ કામદારો માટે રોજગારીની વિશાળ તકો ઊભી કરી છે, જેમાંના ઘણા આર્થિક રીતે પછાત પૃષ્ઠભૂમિમાંથી આવે છે. અંતરિયાળ વિસ્તારોના નાના પાયાના ઉદ્યોગસાહસિકોએ પણ મૂડી, ટેક્નોલોજી અને બજાર-પ્રવેશ સંબંધિત પડકારોને ટાળવા માટે ઈ-કોમર્સને અપનાવ્યું છે.જેમ જેમ ઈ-કોમર્સના ફાયદા સમજાઈ રહ્યા છે, તેમ તેમ ગુજરાતમાં તેની અસર સ્પષ્ટપણે જોઈ શકાય છે. ગુજરાત રાજ્ય તેની ઉદ્યોગ-સાહસિકતા માટે પ્રખ્યાત છે. રાજ્યએ ફૂડ પ્રોસેસિંગ, રસાયણો, કાપડ અને વસ્ત્રોમાં ઉલ્લેખનીય સફળતા મેળવી છે. ગુજરાતના ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રોની મજબૂતીએ રિટેલ ગ્રાહક સાથે સીધી રીતે જોડાયેલા હોય એવા ઉત્પાદનો બનાવતા હજારો એકમોને જન્મ આપ્યો છે.

અમદાવાદમાં ૧ દિવસના નવજાતને કોરોના થયો, અઠવાડિયા અગાઉ માતા હતી સંક્રમિત



દેશ-દુનિયામાં કોરોનાના વધતા કેસને લઈને લોકોની ચિંતામાં વધારો થયો છે. આ દરમિયાન એક ચોંકવાની માહિતી સામે આવી છે. જેમાં અમદાવાદમાં એક દિવસના નવજાતને કોવિડ પોઝિટિવ આવ્યો છે. જોકે, બાળકની માતાનો કોવિડ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જોકે, બાળક જન્મ્યુ ત્યારે માતા કોવિડ પોઝિટિવ હતી પરંતુ બાળકના જન્મ બાદ માતાનો ફરી રિપોર્ટ કરતા માતાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો પરંતુ બાળકનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. હાલ, બાળકનું વજન ઓછું હોવાના કારણે તેને NICUમાં રાખવામાં આવ્યું છે. હાલ, અમદાવાદના સોલા સિવિલમાં ૨ કોવિડ પોઝિટિવ દર્દીની સારવાર થઈ રહી છે. જેમાંથી એક નવજાત બાળક છે અને અન્ય એક ૨૩ વર્ષની મહિલા છે. હાલ, બાળક અને મહિલા બંનેને ઑબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા છે. નોંધનીય છે કે, અસરવા સિવિલ હોસ્પિટલમાં પણ એક ૮ મહિનાનું બાળક કોવિડ પોઝિટિવ આવ્યું છે. અનેક તકલીફોના કારણે બાળકને હાલ ઓક્સિજન પર રાખવામાં આવ્યું છે. અસરવા સિવિલમાં ૮ મહિનાના બાળક સિવાય અન્ય બે દર્દી પર કોરોનાની સારવાર લઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ, ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંક હવે વધીને ૨૨૩ થઈ ગયો છે. આમ, છેલ્લા ૩ દિવસમાં કોરોનાના એક્ટિવ કેસમાં બમણા જેટલો વધારો થયો છે. રાહતની વાત એ છે કે, ૨૨૩ પૈકી માત્ર ૧૧ દર્દી જ એવા છે જેમને હોસ્પિટલમાં સારવાર લેવી પડી રહી છે. આ સિવાય અન્ય દર્દીઓ ઘરે જ સારવાર લઈ રહ્યા છે.

અંકિતા ભંડારીની હત્યાના ત્રણેય દોષિતોને જન્મટીપ, કોર્ટે ૫૦-૫૦ હજારનો દંડ ફટકાર્યો

ઉત્તરાખંડના બહુચર્ચિત અંકિતા ભંડારી હત્યા કેસમાં જિલ્લા કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. ચુકાદો આપતાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટે ત્રણેય આરોપી પુલકિત આર્ય, સૌરભ ભાસ્કર અને અંકિત ગુપ્તાને દોષિત જાહેર કર્યા છે. કોર્ટે ત્રણેય આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત ૫૦-૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.ત્રણ વર્ષ જૂના આ કેસમાં ફક્ત ઉત્તરાખંડ જ નહીં આખો દેશ કોર્ટના નિર્ણયની રાહ જોઈ રહ્યો હતો. સુનાવણી દરમિયાન પોલીસે સુરક્ષા કારણોસર કોર્ટ પરિસરના ૨૦૦ મીટરના ત્રિજ્યાને સીલ કરી દીધો હતો. માત્ર વકીલો, કેસ સાથે સંબંધિત પક્ષકારો અને જરૂરી સ્ટાફને જ પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી. આ વિસ્તારમાં ભારે પોલીસ દળ તહેનાત હતી.ઋષિકેશ નજીક વંતારા રિસોર્ટમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી ૧૯ વર્ષીય અંકિતાની સપ્ટેમ્બર ૨૦૨૨માં રિસોર્ટના સંચાલક પુલકિત આર્ય અને તેના બે અન્ય કર્મચારીએ ચીલા કેનાલમાં ધક્કો મારીને હત્યા કરી હતી. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે અંકિતાએ રિસોર્ટમાં 'વીઆઈપી' મહેમાનને 'વધારાની સેવા' પૂરી પાડવાનો ઇનકાર કર્યો હતો અને આના કારણે ઉદ્ભવેલા વિવાદને કારણે તેની હત્યા કરવામાં આવી હતી. પૂર્વ ભાજપ નેતાના પુત્ર આર્ય અને અન્ય બે આરોપીઓ - અંકિત ગુપ્તા અને સૌરભ ભાસ્કર હાલ જેલમાં છે.પુલકિત આર્ય પર IPC કલમ ૩૦૨ (હત્યા), ૨૦૧ (પુરાવાનો નાશ), ૩૫૪છ (છેડતી) અને અનૈતિક દેહ વ્યાપાર નિવારણ અધિનિયમ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. આ કેસની તપાસ માટે એક SITની રચના કરાઈ હતી, જેણે ૫૦૦થી વધુ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. તેમાં ૯૭ સાક્ષીઓના નામ આપવામાં આવ્યા હતા, જેમાંથી ફરિયાદ પક્ષે ૪૭ સાક્ષીઓ રજૂ કર્યા હતા.

આવતીકાલથી ૩૬ કલાક માટે અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ આંશિક રીતે રદ, કાંદિવલી યાર્ડમાં બ્લૉકની અસર

પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા આવતીકાલે શનિવારે (૩૧ મે) બપોરના ૧ વાગ્યાથી ૩૬ કલાકનો મેજર ડે એન્ડ નાઈટ બ્લોક હાથ ધરવાનો છે. જેમાં કાંદિવલી યાર્ડમાં એલિવેટેડ બુકિંગ ઓફિસને તોડવાની કામગીરીને લઈને લાંબા અંતરની અને લોકલ ટ્રેનની સર્વિસ પર તેની અસર પડશે. જેથી અમદાવાદ-બોરીવલી, નંદુરબાર-બોરીવલી સહિતની ચાર ટ્રેન ૩૦ મેથી ૦૧ જૂન સુધી રદ રહેશે. પશ્ચિમ રેલવેના કાંદિવલી યાર્ડમાં એલિવેટેડ બુકિંગ ઓફિસને હટાવવા માટે પમી લાઈન અને યાર્ડ લાઈનો પર આવતીકાલે શનિવાર, ૩૧ મે ૨૦૨૫ના રોજથી સોમવારની મધ્યરાત્રી સુધી ૩૬ કલાકનો એક મેજર બ્લૉક લેવામાં આવશે. જેથી ૩૦ અને ૩૧ મેના રોજ અમદાવાદથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૪૧૮ અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ પર શોર્ટ ટર્મિનેટ થશે. આ ટ્રેન વસઈ રોડ અને બોરીવલી વચ્ચે આંશિકરૂપે રદ રહેશે. જ્યારે ૦૧ જૂનના રોજ બોરીવલીથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૪૧૭ બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ વસઈ રોડથી શોર્ટ ઓરિજિનેટ થશે. આ ટ્રેન બોરીવલી અને વસઈ રોડ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે. બ્લોક દરમિયાન પશ્ચિમ રેલવે પર (મુંબઈ) અપ અને ડાઉન લાઈન પર લગભગ ૧૬૨ લોકલ ટ્રેન રદ રહેશે, જેને લઈને પ્રવાસીઓને હાલાકી પડી શકે તેવી સ્થિતિ ઊભી થશે.

મહારાષ્ટ્રમાં લાડલી બહેન યોજનાની ૨૨૦૦થી વધુ લાભાર્થી સરકારી કર્મચારી નીકળી

મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી અદિતિ તટકરેએ લાડલી બહેન યોજનાને લઈને મોટો ફોડ પાડ્યો છે. તેમણે જણાવ્યું કે, તપાસ

દરમિયાન મુખ્યમંત્રી લાડલી બહેન યોજના (ન્ઢઞૌ મ્ઢરૈહ ઈદ્ધઢહઢ)ના ૨૨૦૦થી વધુ લાભાર્થીઓ સરકારી કર્મચારી હોવાનું સામે આવ્યું છે. મહારાષ્ટ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિએ શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ વાતનો ખુલાસો કર્યો છે.

તેમણે કહ્યું કે, લાભાર્થીઓની ચકાસણી એક નિયમિત પ્રક્રિયા હશે. આ સાથે જ મંત્રી અદિતિએ કહ્યું કે, 'લગભગ ૨ લાખ અરજીઓની તપાસ કર્યા બાદ ૨,૨૮૯ સરકારી કર્મચારીઓ મુખ્યમંત્રી લાડલી બહેન યોજનાના લાભાર્થી હોવાનું જાણવા મળ્યું. આ માહિતી સામે આવ્યા બાદ આવા લાભાર્થીઓને યોજનાનો લાભ આપવામાં નથી આવી રહ્યો. અદિતિ તટકરેએ કહ્યું કે, સરકાર એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે, લાડલી બહેન યોજનાનો લાભ માત્ર લાયક લાભાર્થીઓને જ મળે અને તેના માટે અરજીઓની ચકાસણી ચાલુ રહેશે.તમને જણાવી દઈએ કે નવેમ્બર ૨૦૨૪માં યોજાનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્યની મહાયુતિ સરકારે ગઞ વર્ષે ઓગસ્ટમાં મુખ્યમંત્રી 'માઝી લાડલી બહેન યોજના' શરૂ કરી હતી. આ યોજના હેઠળ ૨૧ થી ૬૫ વર્ષની વય જૂથની પાત્ર મહિલાઓને માસિક ૧,૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે.જોકે, સરકારી કર્મચારી આ યોજનાને પાત્ર નથી.

ભારતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૨૭૦૦ને પાર, ૨૪ કલાકમાં ૭ના મોત

દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. એક અઠવાડિયામાં કુલ કેસની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે. માહિતી અનુસાર, દેશભરમાં ૨૭૧૦ સક્રિય કોરોના દર્દીઓ છે. કેરળમાં સૌથી વધુ દર્દીઓ મળી આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી સંક્રમિત ૭ લોકોના મોત પણ થયા છે. અહેવાલો અનુસાર, કેરળમાં ૧૧૪૭, મહારાષ્ટ્રમાં ૪૨૪, દિલ્હીમાં ૨૯૪ અને ગુજરાતમાં ૨૨૩ સક્રિય કેસ છે. કર્ણાટક અને તમિલનાડુમાં ૧૪૮-૧૪૮ કેસ નોંધાયા છે. પશ્ચિમ બંગાળમાં પણ કોરોનાના ૧૧૬ કેસ મળી આવ્યા છે. છેલ્લા પાંચ મહિનામાં કોરોનાને કારણે ૨૨ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં બે દર્દીઓના મોત થયા છે. દિલ્હી, ગુજરાત, કર્ણાટક, પંજાબ અને તમિલનાડુમાં એક-એક દર્દીનું મોત થયું છે.બીજી તરફ ઓમિક્રોન ન્ઢ.૭ અને દ્ગમ્૧.૮ના બે પ્રકારોને કારણે કોરોનાના દર્દીઓ ઝડપથી વધી રહ્યા છે. આ વખતે દિલ્હીમાં કોરોનાથી મૃત્યુનો પહેલો કેસ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં ૫૬ નવા કોરોના દર્દીઓ નોંધાયા છે. દિલ્હીમાં કોરોનાથી મૃત્યુ પામેલા દર્દી પહેલાથી જ ઘણી બીમારીઓથી પીડાતા હતા.

રેતી અને દારૂના ધંધામાં પોલીસની મિલીભગત', ભાજપના પૂર્વ સાંસદ નારણ કાછડિયાના આક્ષેપ

સૌરાષ્ટ્રના વરિષ્ઠ નેતા અનૈ ઞ્ઞર્ઝના ચેરમેન દિલીપ સંઘાણીએ અમરેલીના જિલ્લા પોલીસ વડા સંજય ખરાત પર ગંભીર આક્ષેપ કર્યા હતા. તેમણેએ એસપી પર બુટલેગરો પાસેથી મલાઈ ખાવાનો આક્ષેપ કર્યો છે. ત્યારે હવે અમરેલીના પૂર્વ સાંસદ નારણ કાછડિયાએ પોલીસ વડા પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે કહ્યું કે, 'રેતી અને દારૂના ધંધામાં પોલીસની મિલીભગત છે.'

એસપીએ ભાજપ કાર્યાલય કેમ ચાલે છે તેની તપાસ અંગે પૂર્વ સાંસદ નારણ કાછડિયાએ કહ્યું કે, 'ભાજપ કાર્યાલય ભાજપના કાર્યકરોના બળે ચાલે છે. પોલીસની જેમ દારૂ અને રેતીના હપ્તાથી ચાલતી નથી.' આ ઉપરાંત તેમણે કહ્યું કે, પોલીસ દારૂ પીવે તેની પાસેથી પૈસા લો અને બુટલેગરો પાસેથી પણ પૈસા લો છો આ બુધી બંધ કરવો.'અમરેલી જિલ્લા- તાલુકા પંચાયતના સભ્યો અને લીલીયા તાલુકાના નેતાઓએ પોલીસ સામે મોરચો માંડ્યો છે અને અમરેલીમાં દારૂના ખુલ્લેઆમ અડ્ડા ચાલતા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા ઉદ્ધતાઈપૂર્વક વર્તન કરતા હોવાનો ભાજપના નેતા વિપુલ દૂધાતે આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત લીલીયા વેપારી મંડળ, ડાયમંડ એસો.ના પ્રમુખે બેફામ અડ્ડા ધમધમતા હોવાનો આરોપ લગાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, વિપુલ દૂધાતે પોલીસ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર દેશી દારૂના વેચાણનો વીડિયો વાઈરલ કર્યો અને શાકમાર્કેટમાંથી ખાલી દારૂની બોટલોના ફોટા શેર કર્યા હતા. આ મામલે ડી.વાય.એસ.પી. ચિરાગ દેસાઈએ જણાવ્યું કે, 'વીડિયો વાઈરલ થયા બાદ તપાસ કરતાં કનુભાઈ વાઘેલા સામે દેશી દારૂનો કેસ નોંધવામાં આવ્યો છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે વિપુલ દુધાત વારંવાર પોલીસની કામગીરીમાં ખોટી ભલામણો કરે છે, જેની નોંધ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવે છે. બીજી તરફ પોલીસે દારૂ રેતીની રજૂઆત કરનારા વિપુલ દુધાતના ગામ લીલીયાના કાકચમાં રેડ કરતાં રેતીનો મોટો જથ્થો મળી આવ્યો હતો. નવા પ્લોટ વિસ્તારમાં ગેરકાયદે રેતીના ૨૫ ઉપરાંત ડમ્પરનો સ્ટોક સામે આવ્યો હતો. પોલીસે ખાણખનીજ વિભાગને જાણ કરી ખનીજ વિભાગ દ્વારા માપણી કરી દંડ કરવામાં આવશે.

ગુજરાતની ધરતી પરથી કેજરીવાલનો પડકાર, 'ભાજપ ગોપાલ ઇટાલિયાને ખરીદી બતાવે, હું રાજકારણ છોડી દઈશ'

આગામી ૧૯ જૂન, ૨૦૨૫ના રોજ કડી અને વિસાવસર વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી યોજાવવાની છે. ત્યારે ગોપાલ ઇટાલિયાએ આજે વિસાવદરમાં અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની હાજરીમાં વિશાળ જન આર્શિવાદ યાત્રા યોજી હતી. આપની જન આર્શિવાદ યાત્રામાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી છે. રેલી બાદ ગોપાલ ઇટાલિયા ઉમેદવારી ફોર્મ ભરશે. આ દરમિયાન અરવિંદ કેજરીવાલે વિસાવદર વાસીઓને સંબોધ્યા હતા. અરવિંદ કેજરીવાલના સંબોધનની શરૂઆત કરતાં પહેલાં જનમેદનીમાંથી કોઇએ આઇ લવ યુ કહેતાં અરવિંદ કેજરીવાલે આઇ લવ યુ....ટુ...થ્રી.. ફોર કહ્યું વાતાવરણને હળવું ફૂલ બનાવી દીધું હતું. અરવિંદ કેજરીવાલે વિસાવદરવાસીઓને પ્રેમને આવકાર્યો હતો અને આભાર વ્યક્ત કર્યો હતો. વિસાવદર વાસીઓને સંબોધતાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે '૧૮ વર્ષથી તમે લોકોએ ભાજપને વિસાવદરમાં ઘૂસવા દીધી નથી. ૧૮ વર્ષથી ભાજપ વિસાવદરમાં જીતી નથી. ગુજરાતમાં ભાજપની સરકાર છે પરંતુ વિસાવદરમાં ભાજપની સરકાર નથી. પહેલાં તમે કોંગ્રેસને વોટ આપ્યો તો આ વખતે આમ આદમી પાર્ટીને વોટ આપ્યો. તો ભાજપે વિસાવદર પર હુમલો કરી દીધો અને વિસાવદરના લોકોનું અપમાન કરવાનું શરૂ કરી દીધું. પહેલાં તમે લોકોએ કોંગ્રેસના હર્ષદ રાબડિયાને જીતાડ્યા તો ભાજપે બદમાશી કરીને તેને તોડીને પોતાની પાર્ટીમાં સામેલ કરી દીધા. વિસાવદરવાસીઓએ ૨૦૨૨ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ભૂપતભાઇ ભાયાણી જીતાડ્યા. ભાજપે તેમને પણ ખરીદી લીધા. જન આર્શિવાદ યાત્રામાં અરવિંદ કેજરીવાલે ભાજપને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું હતું કે 'ભાજપ કહે છે કે વિસાવદવાસીઓ તમારી મરજી હોય તેને જીતાડો, અમે તેને ખરીદી લઈશું. તો આજે હું ભાજપને ચેલેન્જ કરવા આવ્યો છું કે આ વખતે અમે પણ અમારો હિરા જેવો સભ્ય ઉભો રાખ્યો છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું